અમદાવાદમાં વરસાદના લીધે વિદ્યાર્થીઓ અટવાયા, અંડરપાસવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

અમદાવાદ, ગુજરાતની ઉપર સક્રિય થયેલી વરસાદની સિસ્ટમને પગલે આગામી પાંચ દિવસ દરમિયાન રાજયમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી વચ્ચે સોમવારે બપોર બાદ અમદાવાદના વિવિધ વિસ્તારમાં ભારે વરસાદ જોવા મળ્યો હતો. બપોર બાદ ગાજવીજ સાથે શરુ થયેલા વરસાદને કારણે લોકો પરેશાન થયા હતા.

ખાસ કરીને શાળાએથી છૂટવાનો સમય હોવાથી વિદ્યાર્થીઓ હેરાન થયા હતા. પૂર્વ અમદાવાદના ઉત્તર ઝોનમાં વરસાદનું જોર વધુ હોવાને પગલે અંડર પાસવાળા એરિયામાં પાણી ભરાઈ ગયા હતા. જેને કારણે રસ્તાઓને બંધ કરી દેવામાં આવ્યા હતા. એકસાથે ત્રણ ત્રણ સિસ્ટમ સક્રિય થતા હવામાન વિભાગ દ્વારા રાજયમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવેલી છે.

બપોરથી શરુ થયેલા વરસાદને પગલે શાહીબાગ, મણિનગર, સાબરમતી, ચાંદખેડા, ન્યુ રાણીપ, જગતપુર, નરોડા, સરદારનગર, કોતરપુર, એરપોર્ટ, ઈન્દિરાબ્રિજ સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ શરૂ થયો હતો. શહેરના પૂર્વ વિસ્તારમાં હીરાવાડી, બાપુનગર, કુબેરનગર, સરદારનગર એરપોર્ટ વિસ્તારમાં પણ પાણી ભરાઈ ગયા હોવાના દ્રશ્યો જોવા મળ્યા હતા. પૂર્વની સાથે સાથે પશ્ચિમ અમદાવાદના આશ્રમરોડ, ઉસ્માનપુરા, જમાલપુર, લાલદરવાજા, પાલડી, ઈન્કમટેક્સ, વાડજ, રિવરફ્રન્ટ સહિતના વિસ્તારોમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો. ભારે વરસાદને પગલે પાણી ભરાઈ જવાને કારણે લોકોના વાહનો બંધ પડી ગયા હતા.

અમદાવાદમાં બપોરે એક વાગ્યા સુધી મધ્યઝોનમાં એક ઈંચ અને ઉતરઝોન માં પણ બે ઈંચ વરસાદ નોંધાયો છે. જયારે શહેરમાં સરેરાશ વરસાદ પોણો ઈંચ નોંધાયો હતો. કુબેરનગર , સરદાર નગર, સૈજપુર ગરનાળા વિસ્તારમાં પાણી ભરાતા નાગરિકો ને ભારે હાલાકી થઈ છે. શાળાઓ છૂટવાના સમયે જ વરસાદ થયો હોવાથી વિદ્યાર્થીઓ પણ અટવાયા હતા. હવામાન વિભાગની આગાહી અનુસાર, ૧૫મી જુલાઈના રોજ દક્ષિણ ગુજરાતના ભરુચ, ડાંગ, તાપી, નવસારી, વલસાડ સહિતના જિલ્લામાં અતિભારે વરસાદી માહોલ રહેશે. જયારે ઉત્તર ગુજરાત સહિત સૌરાષ્ટ્રના કેટલાંક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ, બનાસકાંઠા, સાબરકાંઠા, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, પંચમહાલ, જૂનાગઢ, રાજકોટ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે. આ ઉપરાંત મહેસાણા, ગાંધીનગર, સુરેન્દ્રનગર, ખેડા, મોરબી, પાટણ, અરવલ્લી, જામનગર, પોરબંદર સહિતના વિસ્તારોમાં ધીમી ધારે વરસાદની આગાહી છે.

૧૬મી જુલાઈએ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં ધોધમાર વરસાદી પડવાની આગાહી છે. જેમાં દેવભૂમિ દ્વારકા, મોરબી, સુરેન્દ્રનગર, અમદાવાદ, આણંદ, વડોદરા, નર્મદા, પંચમહાલ, દાહોદ, મહિસાગર, અમરેલી, ગાંધીનગર જિલ્લામાં ભારે વરસાદ પડી શકે છે.

આ દિવસે વલસાડ, નવસારી, ગીર સોમનાથ, અમરેલી, રાજકોટ, જૂનાગઢ, પોરબંદર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વરસાદનું જોર રહેશે. જયારે સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાતના કેટલાંક ભાગોમાં ભારે વરસાદની આગાહીને પગલે, સુરેન્દ્રનગર, કચ્છ, મોરબી, ભાનગર, અમદાવાદ, બનાસકાંઠા, સાબરકાંઠા, નર્મદા, સુરત, તાપી, ડાંગ, વડોદરા સહિત જિલ્લાઓમાં સારો એવો વરસાદ પડશે. બીજી તરફ, મહીસાગર, અરવલ્લી, પંચમહાલ, દાહોદ, ખેડા, ગાંધીનગર, મહેસાણા જિલ્લામાં છુટાછવાયા સ્થળે ધીમી ધારે વરસાદ પડવાની શક્યતા છે.

૧૮મી જુલાઈના રોજ સૌરાષ્ટ્રના પોરબંદર, ગીર સોમનાથ, જૂનાગઢ, અમરેલી, જામનગર, દેવભૂમિ દ્વારકા અને દક્ષિણ ગુજરાતના વલસાદ અને નવસારીમાં અતિભારે વરસાદ પડવાની આગાહી છે.

અદાણી પોર્ટ મુંદ્રાએ ઓપરેશન્સ અને લોજીસ્ટિક્સમાં સિમાચિહ્નો હાંસલ કર્યા

અમદાવાદ, અદાણી પોર્ટ મુન્દ્રા અભૂતપૂર્વ સિદ્ધિઓ હાંસલ કરી ઉત્તરોત્તર પ્રગતિના શિખરો સર કરી રહ્યું છે. જૂન ૨૦૨૪માં કંપનીએ વિવિધ વિક્રમોની વણજાર સર્જી છે. કાર્ગો હેન્ડલિંગ, કન્ટેનર રેક હેન્ડલીંગ, અને મરીન ઓપરેશન્સમાં અભૂતપૂર્વ સીમાચિહ્નો હાંસલ કરનાર મુંદ્રા પોર્ટ ભારતનું એકમાત્ર પોર્ટ બની ગયું છે. સૌથી વધુ કન્ટેનર રેકનું હેન્ડલીંગઃ જૂન ૨૦૨૪માં અદાણી પોર્ટ્સ મુન્દ્રાએ સૌથી વધુ ૧,૫૯૪ કન્ટેનર ટ્રેન (૧.૬૮ લાખ કન્ટેનર) હેન્ડલ કરીને અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કરી છે. આ અસાધારણ કામગીરીમાં કુલ ૩૩ ટ્રેનો દ્વારા સંચાલિત ૩,૯૫૪ TEUs સાથે એક જ દિવસમાં સૌથી વધુ સંખ્યામાં આઉટવર્ડ (આયાત) TEU નું હેન્ડલિંગ પણ સામેલ છે. કાર્ગો હેન્ડલિંગમાં નવો બેન્ચમાર્કઃ મુંદ્રા પોર્ટે F૩૨૫ ના ઊી૧ માં ૫૧.૨ મિલિયન મેટ્રિક ટન (MMT) ઐતિહાસિક કાર્ગો હેન્ડલિંગ કરી નવો બેન્ચમાર્ક સેટ કર્યો છે. ભારતમાં એક ક્વાટરમાં આટલો કાર્ગો હેન્ડલ કરનાર પ્રથમ પોર્ટ. તે દેશના લોજિસ્ટિક્સ અને વેપાર ક્ષેત્રોમાં મુન્દ્રા પોર્ટની મુખ્ય ભૂમિકા દર્શાવે છે.

શ્રી સંજય લાલભાઈની સફળતા માટેની બ્લુપ્રિન્ટઃ ઉદ્યોગ ક્ષેત્રની યુવા પેઢીને પ્રેરણા આપી

અમદાવાદ, આજનાં ઉદ્યોગજગતની યુવા પેઢીને પ્રેરણા આપવા માટે તથા તેમને સશક્ત બનાવવા માટે કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) ગુજરાતે 'બ્રેકફાસ્ટ વિથ ચેમ્પિયન્સ' ના નામે એક નવી પહેલ શરુ કરી છે. આ નવી પહેલ અંતર્ગત પહેલા જ એપિસોડમાં અરવિંદ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંજય લાલભાઈ સાથે વાર્તાલાપ દર્શાવવામાં આવ્યો હતો, જેમણે ગુજરાતમાં ઉદ્યોગોના ભવિષ્ય સંદર્ભે પોતાના વિચારો અને દ્રષ્ટિકોણ શેર કર્યા હતા.

CII ગુજરાત ટાસ્કફોર્સ ઓન સ્ટ્રેટેજિક ઈનિશિયેટિવ્સ એન્ડ એંગેજમેન્ટ્સના ચેરમેન અને સેવી ગ્રૂપના સ્થાપક તથા મેનેજિંગ ડિરેક્ટર શ્રી સમીર સિન્હા દ્વારા સંચાલિત આ ઈવેન્ટના માધ્યમથી યુવા ઉદ્યોગકારોને ગુજરાતના સૌથી પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિઓ પાસેથી મૂલ્યવાન સૂચનો પ્રાપ્ત થયા હતા અને તેમને એક પ્લેટફોર્મ મળ્યું હતું.

શ્રી સંજય લાલભાઈએ જે વિચારો વ્યક્ત કર્યા હતા તે વ્યક્તિગત અનુભવો અને વ્યાવસાયિક સલાહનું મિશ્રણ હતું એટલું જ નહી પરંતુ તેમનાં વ્યવસાયિક મુલ્યો અને સિદ્ધાંતોનું પ્રતિબિંબ પણ હતું. પોતાના શરૂઆતના દિવસોને યાદ કરતા શ્રી સંજય લાલભાઈએ તેમના દાદાએ આપેલા કેટલાક મુલ્યવાન સૂચનોને પણ યાદ કર્યા હતા. (૪)

અદાણી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથેનું એક્સપોઝર LIC અને SBIની ગ્રોથ સ્ટોરીને મદદરૂપ

અમદાવાદ, ભારત સરકારની સૌથી મોટી વીમા કંપની LIC અને ભારતની સૌથી મોટી સરકારી બેંક SBI ના શેરો ખાનગી હરીફોને ખૂબ જ પાછળ રાખી રહ્યા છે. આ બે લીડર્સ 'ભારતની ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્ટોરી'માં તેમના મોટા પ્રમાણમાં તેમના એક્સપોઝરનો લાભ ખાટી રહ્યા છે. છેલ્લા એક જ વર્ષમાં LICના શેરમાં ૬૧% નો વધારો થયો છે. જેની સરખામણીમાં HDFC લાઈફ ઈન્સ્યોરન્સ, ICICI પ્રુડેન્શિયલ લાઈફ ઈન્સ્યોરન્સ અને SBI લાઈફ ઈન્સ્યોરન્સ સમાન સમયગાળા દરમિયાન માત્ર -૧૦% થી ૧૩% ના વળતર આપ્યું છે. તેવી જ રીતે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં વર્ષ દરમિયાન SBIના શેરમાં ૪૮%નો ધરખમ વધારો થયો છે, જ્યારે તેની સમકક્ષ ખાનગી બેંક HDFC, કોટક મહિન્દ્રા બેંક, ICICI બેંક અને એક્સિસ બેંકના શેરમાં માત્ર -૩% થી ૨૪%ની રેન્જમાં વધારો થયો છે. કોટક અને HDFC બેંક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં નગણ્ય એક્સપોઝર ધરાવતી અને સૌથી ખરાબ પ્રદર્શન કરી રહી છે. તેમના શેર અનુક્રમે -૪% અને ૧% જેટલુ વળતર આપે છે. (૧૯-૧૧)

Printed and Published by MAYUR C. BHATT on behalf of KALYANI PUBLIATION PVT. LTD. and Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-Published From KALYANI PUBLIATION PVT. LTD. 201,202,208 Nandan complex, opp mithakhali rly crossing, mithakhali, ahmedabad. Editior : Mayur C. Bhatt

સાણંદ સ્ટેશન પર ઈન્ટરલોકિંગ કામ ને કારણે કેટલીક ટ્રેનો રદ રહેશે

અમદાવાદ, પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર અમદાવાદ-વિરમગામ સેક્શનમાં DFCCILના સાણંદ (દક્ષિણ) સ્ટેશનથી સાણંદ સ્ટેશનની કનેક્ટિવિટી ના સંબંધમાં નૉન-ઈન્ટરલોકિંગ કાર્યને કારણે, અમદાવાદ ડિવિઝનમાંથી ચાલતી/પસાર થતી કેટલીક ટ્રેનો રદ રહેશે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે. રદ કરાયેલી ટ્રેનોઃ- ૧. ૨૦ જુલાઈ, ૨૦૨૪ની ટ્રેન નંબર ૦૯૪૬૦ વિરમગામ-અમદાવાદ મેમુ રદ રહેશે. ૨. ૨૦ અને ૨૧ જુલાઈ, ૨૦૨૪ની ટ્રેન નંબર ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ એક્સપ્રેસ રદ રહેશે. ૩. ૧૯ અને ૨૦ જુલાઈ, ૨૦૨૪ની ટ્રેન નંબર ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ રદ રહેશે. ૪. ૨૦ જુલાઈ, ૨૦૨૪ની ટ્રેન નંબર ૦૯૪૫૬ ભુજ-ગાંધીનગર કેપિટલ સ્પેશિયલ રદ રહેશે. ૫. ૨૦ જુલાઈ, ૨૦૨૪ની ટ્રેન નંબર ૦૯૪૫૫ ગાંધીનગર કેપિટલ-ભુજ સ્પેશિયલ રદ રહેશે. ૬. ૧૯ અને ૨૦ જુલાઈ, ૨૦૨૪ની ટ્રેન નંબર ૨૨૯૫૯ વડોદરા-જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ રદ રહેશે. ૭. ૨૦ અને ૨૧ જુલાઈ, ૨૦૨૪ની ટ્રેન નંબર ૨૨૯૬૦ જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ રદ રહેશે. ટ્રેનોના સંચાલન, સમય, સ્ટોપેજ અને બંધારણ સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ચાંદીપુરા વાઈરસથી ગભરાશો નહી પણ સાવચેત રહો, ૧૯૬૫માં નોંધાયો હતો પ્રથમ કેસઃ રાજ્ય સરકાર

અમદાવાદ, હાલ સાબરકાંઠામાં ચાંદીપુરા વાઈરસના લીધે ફફડાટ વ્યાપી ગયો છે. હજુ પણ લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે કારણ કે, આ વાઈરસના કારણે અત્યાર સુધી ૬ બાળકોના મોત થયા છે, તો અન્ય બે બાળકોમાં શંકાસ્પદ વાઈરસના લક્ષણો મળી આવ્યા છે. રાજયમાં અત્યાર સુધીમાં ચાંદીપુરાના ૧૨ કેસ નોંધાયા છે. ત્યારે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે 'ચાંદીપુરા એન્કેફેલાઈટિસ રોગથી ગભરાવવાની જરૂર નથી પરંતુ સાવચેતી જરૂર રાખવી જોઈએ. આ કોઈ નવો રોગ નથી. સામાન્ય રીતે વરસાદની સિઝનમાં ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં આ રોગ જોવા મળે છે.'

ચાંદીપુરા વાઈરસ વેકટર - અસરગ્રસ્ત સેન્ડ ફ્લાય (રેત માખ) કરડવાથી થાય છે અને ખાસ કરીને ૯ મહિનાથી ૧૪ વર્ષની ઉમરના બાળકોમાં જોવા મળે છે. હાઈગ્રેડ તાવ, ઉલ્ટી ઝાડા, માથાનો દુખાવો અને ખેંચ આવવી એ આ રોગના મુખ્ય લક્ષણો છે.

આ પ્રકારના લક્ષણો બાળકોમાં જોવા મળે ત્યારે તાત્કાલિક ડોક્ટરની સલાહ લો એવી પણ રાજય સરકારે સલાહ આપી છે.

રાજયમાં અત્યાર સુધીમાં ચાંદીપુરાના ૧૨ જેટલા શંકાસ્પદ કેસ જોવા મળ્યા છે, જેમાંથી ૬ દર્દી હાલ સારવાર હેઠળ છે.

સાબરકાંઠા જિલ્લામાં ૪, અરવલ્લી જિલ્લામાં ૩, મહીસાગર અને ખેડા જિલ્લામા એક- એક શંકાસ્પદ કેસ નોંધાયા છે, તો રાજસ્થાન ૨ અને મધ્ય પ્રદેશના એક દર્દીએ પણ આ વાઈરસના ઈન્ફેક્શન પછી ગુજરાતમાં સારવાર મેળવી છે. આમ કુલ ૧૨ શંકાસ્પદ કેસ નોંધાયા છે. આ તમામ શંકાસ્પદ દર્દીના સેમ્પલ પૂણેની લેબમાં મોકલવામાં આવ્યા છે, જેનો રિપોર્ટ ૧૨ દિવસમાં આવી જશે. આ રિપોર્ટ આવ્યા બાદ જ ચાંદીપુરા વાઇસરના કેસ હતા કે નહીં તેની પુષ્ટિ થશે.

ચાંદીપુરા રોગ ચેપી નથી પરંતુ અસરગ્રસ્ત વિસ્તારોમાં સઘન સર્વેલન્સની પ્રાથમિક તબક્કે જ સૂચના અપાઈ હતી. પરિણામે અત્યાર સુધી કુલ ૪૪૮૭ ઘરોમાં કુલ ૧૮૬૪૬ વ્યક્તિઓનું સ્ક્રીનિંગ કરાયું છે.

સેન્ડ ફ્લાય કંટ્રોલ માટે કુલ ૨૦૯૩ ઘરોમાં જંતુનાશક દવાઓનો છંટકાવ પણ કરાયો છે. રાજય આરોગ્ય વિભાગ અગમચેતીના ભાગરૂપે આ રોગનો ફેલાવો અટકાવવા માટે રાઉન્ડ ધ ક્લોક કામ કરી રહ્યું છે.

અત્યારે લોકોએ આ રોગથી ગભરાવવા નહીં પરંતુ સાવચેતી જરૂર રાખવાની જોઈએ. પ્રાથમિક લક્ષણો જણાઈ આવે તો નજીકના હોસ્પિટલમાં તપાસ અને સારવાર કરાવવી જોઈએ.

ઉલ્લેખનીય છે કે, વર્ષ ૧૯૬૫માં મહારાષ્ટ્ર રાજયમાં ચાંદીપુરા જિલ્લામાં નોંધાયો હતો. ત્યારબાદ આંધ્રપ્રદેશ અને ગુજરાત સહિતના અન્ય રાજ્યોમાં પણ આ રોગના દર્દીઓ નોંદાયા. ગુજરાતમાં દર વર્ષે આ રોગના કેસ જોવા મળે છે. ખાસ કરીને ઉત્તર-મધ્ય ગુજરાતના જિલ્લામાં આ રોગના કેસ નોંધાયા છે.

આધુનિક ઓપ આપવા સચિવાલયમાં ફરી રિનોવેશન : આગળના ૧૦૦ કરોડનો ખર્ચ માથે પડશે

અમદાવાદ, રાજય સરકારે હવે સમગ્ર સચિવાલય સંકુલનું રિનોવેશન કરવાનો નિર્ણય કર્યો છે. પહેલાં મુખ્યમંત્રી અને કેબિનેટ મંત્રીઓની ચેમ્બરો અલગ કરીને ૨૫૦ કરોડના ખર્ચે સ્વર્ણિમ સંકુલની બે ઈમારતોનું નિર્માણ કરવામાં આવ્યું, ત્યારપછી વિધાનસભાને ૧૫૦ કરોડનો ખર્ચ કરીને નવો લૂક આપવામાં આવ્યો અને હવે સચિવાલયના ૧૪ બ્લોકનું મરામતકાર્ય શરૂ થવા જઈ રહ્યું છે.

આ કામગીરી માટે કેટલો ખર્ચ થશે તેનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. રાજયના પૂર્વ મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીએ ૧૯૮૫માં સચિવલયની ઈમારતનું ઉદ્ઘાટન કર્યું હતું તેને આજે ૩૯ વર્ષ થવા આવ્યા છે. આટલા વર્ષોમાં ૨૮ પૈકી ૧૫ વિભાગોએ તેમની કચેરીઓને આધુનિક ઓપ આપવા અલગ અલગ રીતે ૧૦૦ કરોડનો ખર્ચ કર્યો છે. હવે જો આખા સચિવાલયનું રિનોવેશન કરાશે તો કરવામાં આવેલો ખર્ચ વ્યર્થ જશે.

ગાંધીનગરમાં જૂના સચિવાલય પાસે આવેલું માઈકો શોપિંગ કે જેને 'મીનાબજાર'ના નામથી ઓળખવામાં આવે છે. આ બજારમાં કર્મચારીઓ ચા-પાણી કરવા અને રાજકારણની ચર્ચા કરવા રિશેષનો સમય ગાળતા હોય છે. ૧૫૨ કાયદેસરની દુકાનો અને બીજા ૫૦થી વધુ ગેરકાયદે દબાણોથી ધમધમતા આ બજારમાં પ્રાથમિક સુવિધાનો અભાવ છે. આ જગ્યાએ છૂટથી દારૂ મળે છે પરંતુ વીજળી, સેનિટેશન, પાર્કિંગ કે પીવાના પાણીની કોઈ વ્યવસ્થા નથી. વેપારીઓનું કહેવું છે કે સચિવાલયના કેટલાક સલામતી રક્ષકો અને પોલીસ કર્મચારીઓ અહીયા દારૂ પીવા માટે આવતા હોય છે તેથી તેમના ચારહાથ છે. આ બજારથી માત્ર ૩૦૦ મીટર દૂર ગૃહ વિભાગ અને ગૃહમંત્રીનું કાર્યાલય છે.

દેશભરમાંથી ૨૦૦ ખેડૂત નેતાઓ ૨૨ જુલાઈએ દિલ્હી આવશે

નવી દિલ્હી, વિપક્ષના નેતા રાહુલ ગાંધી ૨૨ જુલાઈએ દિલ્હીમાં ખેડૂતોને મળશે. ખેડૂત નેતા જગજીત સિંહ દલ્લેવાલે આ જાણકારી આપી. તેમણે કહ્યું કે ૨૨મી જુલાઈએ દિલ્હીમાં ખેડૂતોની મહત્વની બેઠક યોજાવા જઈ રહી છે. MSP કાયદો લાવવા માટે દેશભરમાંથી ૨૦૦ ખેડૂત નેતાઓ તેમાં ભાગ લેશે. વિપક્ષના નેતા રાહુલ ગાંધી ૨૨ જુલાઈએ દિલ્હીમાં ખેડૂતોને મળશે. ખેડૂત નેતા જગજીત સિંહ દલ્લેવાલે આ જાણકારી આપી. તેમણે કહ્યું કે ૨૨મી જુલાઈએ દિલ્હીમાં ખેડૂતોની મહત્વની બેઠક યોજાવા જઈ રહી છે. MSP કાયદો લાવવા માટે દેશભરમાંથી ૨૦૦ ખેડૂત નેતાઓ તેમાં ભાગ લેશે. ખેડૂત નેતાએ કહ્યું કે સરકાર એવો ભ્રમ ફેલાવી રહી છે કે જો MSP કાયદો ગેરંટી બની જશે તો લાખો કરોડ રૂપિયા ખર્ચ થશે.

શુભમ પોલિસ્પીન લિમિટેડ

સીઆઈએન : L17120GJ2012PLC069319

રજીસ્ટર્ડ ઓફિસ : બ્લોક નં. ૭૪૮, સાકેત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, કનેરીયા ઓઈલ મિલ પાસે, જેતપુરા-બસંતપુરા રોડ, બોરીસણા, તા. કડી, જી. મહેસાણા-૩૮૨૭૨૮

એજીએમ, ઈ-વોટીંગ અને બુક ક્લોઝરની નોટીસ

આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીના સભ્યોની ૧૨મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) શનિવાર, ૧૦મી ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ બપોરે ૧૨.૦૦ વાગ્યે વિડિયો કોન્ફરન્સિંગ (VC) /અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો (OAVM) દ્વારા યોજવામાં આવશે. જે કોર્પોરેટ બાબતોના મંત્રાલય (એમસીએ) દ્વારા જારી કરાયેલ પરિપત્ર નં. ૨૦/૨૦૨૦ તારીખ ૫મી મે, ૨૦૨૦ના પરિપત્ર નં. ૧૪/૨૦૨૦ તારીખ ૮મી એપ્રિલ, ૨૦૨૦, પરિપત્ર નં. ૧૭/૨૦૨૦ તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૨૦ના પરિપત્ર નં. ૦૨/૨૦૨૧-૨૨ તારીખ ૧૩મી જાન્યુઆરી, ૨૦૨૧, પરિપત્ર નં.૦૨/૨૦૨૨ તારીખ ૫મી મે, ૨૦૨૨, પરિપત્ર નં. ૧૦/૨૦૨૨ તારીખ ૨૮મી ડિસેમ્બર, ૨૦૨૨ અને પરિપત્ર નં. ૦૯/૨૦૨૩, તારીખ ૨૫મી સપ્ટેમ્બરનો એમસીએ પરિપત્ર' તરીકે સંદર્ભ લો) અને સેબી પરિપત્ર તારીખ ૧૨મી મે, ૨૦૨૦, સેબી પરિપત્ર તારીખ ૧૫મી જાન્યુઆરી, ૨૦૨૧, સેબી પરિપત્ર તારીખ ૧૩મી મે, ૨૦૨૨, સેબી પરિપત્ર તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૨૩ અને સેબી પરિપત્ર, ૭ ઓક્ટોબર ૨૦૨૩ (સામૂહિક રીતે 'સેબી પરિપત્ર' તરીકે ઓળખવામાં આવે છે) જારી કરાયેલ ફ્રેમવર્ક મુજબ યોજાશે.

એમસીએ/સેબી દ્વારા આપવામાં આવેલી અધિકૃતતાને અનુરૂપ, નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટેનો વાર્ષિક રિપોર્ટ તમામ સભ્યોને તેમના ઈ-મેઈલ આઈડીઝ ઉપર મોકલી આપવામાં આવ્યો છે અને વાર્ષિક રિપોર્ટની ભૌતિક નકલ મોકલવામાં આવશે નહીં. વાર્ષિક રિપોર્ટ બીએસઈ લિમિટેડની વેબસાઈટ (www.bseindia.com) ઉપર ઉપલબ્ધ રહેશે અને કંપનીની વેબસાઈટ (https://shubhampolyspin.com) ઉપર પણ ઉપલબ્ધ રહેશે.

કૃપા કરી નોંધ લેશો કે કંપની ૧૨મી એજીએમ વીસી/ઓએવીએમ મારફતે બોલાવવામાં આવી રહી છે અને સભ્યો, ડાયરેક્ટરો, ઓડિટરો અને અન્ય પાત્ર વ્યક્તિઓની એજીએમ માટે ભૌતિક ઉપસ્થિતિની આવશ્યકતા નથી. એમસીએ પરિપત્રો મુજબ, આ એજીએમ માં ઉપસ્થિતિ અને મતદાન માટે સભ્યો દ્વારા પ્રોક્સીની ની નીમણુંકતાની સુવિધા ઉપલબ્ધ નથી. જોકે, કોર્પોરેટ્સ સંસ્થાઓને વીસી/ઓએવીએમ મારફતે મીટિંગમાં હાજરી આપવા અને એજીએમ દરમિયાન ઈ-વોટીંગ માટે તેમના મત આપવા માટે અધિકૃત પ્રતિનિધિની નિમણુક કરવાનો અધિકાર છે. સભ્યો, ડાયરેક્ટરો, ઓડિટરો અને અન્ય પાત્ર વ્યક્તિઓ કે જેમને આ સૂચના પ્રસારિત કરવામાં આવી રહી છે તેઓ આ એજીએમમાં વીસી/ઓએવીએમ મારફતે નિર્ધારિત સમયના ઓછામાં ઓછા ૧૫ મિનિટ પહેલાં હાજરી આપી શકે છે અને ૧૫ મિનિટની સમાપ્તિ પછી જ બંધ થશે. કંપનીઝ ધારા, ૨૦૧૩ની કલમ ૧૦૩ હેઠળ વીસી/ઓએવીએમ મારફતે એજીએમમાં ઉપસ્થિત સભ્યોની કોરમના હેતુસર ગણતરી કરવામાં આવશે. સભ્ય દ્વારા વીસી/ઓએવીએમ મારફતે એજીએમમાં ઉપસ્થિતિ માટે લોગ ઈન કરતાં સમયે સભ્યોની ઉપસ્થિતિની સીડીએસએલ પ્લેટફોર્મ પર નોંધવામાં આવશે.

આપની કંપનીએ સીડીએસએલ મારફતે રિમોટ ઈ-વોટીંગની સુવિધાની ઉપબ્ધ કરાવી છે. મત આપવાના અધિકારો ૩જી ઓગસ્ટ, ૨૦૨૪ (કટ-ઓફ તારીખ) ના રોજ મુજબ સભ્યો દ્વારા ધારણ કરાયેલા શેરોની સંખ્યા પ્રમાણે રહેશે. રિમોટ ઈ-વોટીંગ ૭ ઓગસ્ટ, ૨૦૨૪ ને બુધવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ભારતીય સમયે શરૂ થશે અને ૯મી ઓગસ્ટ, ૨૦૨૪ ને શુક્રવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે ભારતીય સમયે સમાપ્ત થશે. ત્યારબાદ મતદાન માટેનું ઈ-વોટીંગ મોડ્યુલ સીડીએસએલ દ્વારા અક્ષમ કરવામાં આવશે. સભ્યો જેમણે રિમોટ ઈ-વોટીંગ દ્વારા તેમના મત ન આપ્યા હોય તેઓ એજીએમમાં તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. કંપનીએ એજીએમ દરમિયાન ઈ-વોટીંગની વ્યવસ્થાઓ કરી રાખી છે. સભ્ય રિમોટ ઈ-વોટીંગ મારફતે તેમના મત આપવાના અધિકારનો ઉપયોગ કરી લીધા પછી પણ વીસી/ઓએવીએમ મારફતે વાર્ષિક જનરલ મીટીંગમાં ભાગ લઈ શકશે, પરંતુ તેમને મીટીંગમાં ફરીથી મત આપવાની પરવાનગી આપવામાં આવશે નહીં. કૃપા કરીને નોંધ લેશો કે કોઈપણ સભ્ય દ્વારા રિમોટ ઈ-વોટીંગ સુવિધા મારફતે અપાયેલ મત આખરી અને બંધનકર્તા રહેશે અને શેરહોલ્ડરને તેને પાછળથી બદલવાની પરવાનગી આપવામાં આવશે નહીં.

જે વ્યક્તિનું નામ સભ્યોના રજીસ્ટરમાં અથવા ડિપોઝીટરીઝ દ્વારા જળવાયેલા લાભાર્થી માલિકોના રજીસ્ટરમાં નોંધાયેલું છે માત્ર તેઓ જ રિમોટ ઈ-વોટીંગની સુવિધા મેળવવા તેમજ એજીએમ દરમિયાન ઈ-વોટીંગ માટે હકદાર રહેશે. રિમોટ ઈ-વોટીંગને લગતી વિગતવાર સૂચનાઓ માટે, સભ્યો કૃપા કરી એજીએમની નોટીસનો સંદર્ભ લેશો. જે વ્યક્તિઓએ નોટીસની રવાનગી પછી શેરો હસ્તગત કર્યા છે અને કંપનીના શેરહોલ્ડર બન્યા છે અને કટ-ઓફ તારીખ મુજબ શેરો ધરાવે છે, તેઓ એજીએમની નોટીસની નોંધોમાં જણાવેલી સૂચનાઓનું અનુસરણ કરીને રિમોટ ઈ-વોટીંગ અથવા એજીએમ દરમિયાન ઈ-વોટીંગ કરી શકશે.

રિમોટ ઈ-વોટીંગ પ્રક્રિયાને લગતી કોઈપણ પૂછપરછ અથવા ફરિયાદોના મામલામાં, સભ્યો www.evotingindia.com ખાતે હેલ્પ સેકશન હેઠળ ઉપલબ્ધ ફ્રિક્વન્ટલી આસ્ક્ડ ક્વેશન્સ (એફએક્યુઝ) અને ઈ-વોટીંગ મેન્યુઅલનો સંદર્ભ લઈ શકે છે અથવા helpdesk.evoting @cdslindia.com ને ઈમેઈલ લખી શકે છે અથવા ૧૮૦૦૨૨૫૫૩૩ ને ફોન કરી શકે છે અથવા તમે સીડીએસએલના સંબંધિત કર્મચારીઓનો (સોમવાર થી શુક્રવાર સવારે ૧૦.૦૦ કલાકથી સાંજે ૬.૩૦ કલાક દરમિયાન) ૦૨૨-૨૩૦૫૫૪૩/૨૩૦૫૫૪૨ ઉપર પણ સંપર્ક કરી શકો છો.

આથી સેબી (એલઓડીઆર) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના રેગ્યુલેશન ૪૨ અને લાગુ પડતા નિયમો સાથે વંચાતી કંપનીઝ ધારા, ૨૦૧૩ ની કલમ ૯૧ ના અનુસંધાનમાં એ નોટીસ પણ આપવામાં આવે છે કે, સભ્યોનું રજીસ્ટર અને કંપનીની શેર ટ્રાન્સફર બુક્સ શનિવાર, ૩જી ઓગસ્ટ ૨૦૨૪ થી શનિવાર,૧૦મી ઓગસ્ટ (બંને દિવસો સહિત) એજીએમના હેતુસર બંધ રહેશે.

બોર્ડના આદેશ થી,
શુભમ પોલિસ્પીન લિમિટેડ માટે
સહી/-
અંકિત અનિલ સોમાણી
(ડીઆઈએનઃ 05211800)
ચેરપર્સન અને મેનેજીંગ ડાયરેક્ટર

સ્થળઃ બોરીસણા
તારીખઃ ૧૮ જુલાઈ, ૨૦૨૪.

agriwise — એગ્રીવાઈસ ફિનસર્વ લિમિટે